Notice is hereby given that the 13th (Thirteenth) Annual General Meeting of the Shareholders of Waa Solar Limited ("The Company") will be held at through Video Conference / Other Audio Visual Means, on Saturday, 24th September, 2022 at 04.30 P.M. to transact the following businesses as set out in the notice of 13th AGM.

The Register of Members and Share Transfer Books of the Company will remain closed from 17th September, 2022 to 24th September, 2022 (both days inclusive) for the purpose of 13th Annual General Meeting of the Company.

1. Electronic copies of the Notice of the 13th AGM and the Annual Report of the Company for the financial year 2021-22 have been sent to all the members whose email IDs are registered with the Company / Depository Participant(s).
2. The Notice of the 13th AGM as well as Annual Report for the financial year 2021-22 is also available on the Company's website www.waasolar.org.
In case of any queries, Members may also contact Ms. Nikita Sadhwani, Company Secretary of the Company at the Registered Office of the Company or may write an e-mail to Info@waasolar.org or may call on (+91) (265) (2290722) for any further clarification.

**For, Waa Solar Limited**
**Sd/-**
**Amit khurana**
**Chairman & MD**
**(DIN : 00003626)**

**Place: Vadodara**
**Date: September 01, 2022**

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2 Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

# તંત્રીશ્રીની કલમે

## ગુલામ નબી આઝાદના સમર્થનમાં ૬૪ નેતાઓએ પાર્ટી છોડતા કોંગ્રેસને મોટો ઝટકો

જમ્મુ-કાશ્મીરના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તારાચંદ સહિત કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોંગ્રેસના આશરે ૬૪ વરિષ્ઠ નેતાઓએ ગુલામ નબી આઝાદના સમર્થનમાં મંગળવારે પાર્ટીમાંથી રાજીનામા આપી દીધા છે. આ નેતાઓએ પોતાનો સંયુક્ત રાજીનામાનો પત્ર કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને મોકલી દીધો છે. પત્રકાર પરિષદમાં તારાચંદ, પૂર્વ મંત્રી અબ્દુલ માજિદ વાની, મનોહર લાલ શર્મા, ઘરૂ રામ અને પૂર્વ ધારાસભ્ય બલવાન સિંહ સહિત અન્ય નેતાઓએ કોંગ્રેસમાંથી રાજીનામાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે કોંગ્રેસ સાથે પોતાનો છેડો ફાડી દીધો છે. આઝાદ પાર્ટી સાથે પાંચ દાયકાથી જોડાયેલા હતા. બલવાન સિંહે પત્રકાર પરિષદમાં રાજીનામા પત્રને વાંચતા કહ્યું, અમે દાયકાઓથી પાર્ટી સાથે જોડાયેલા હતા અને પોતાની ઉર્જા અને સંસાધન જમ્મુ-કાશ્મીરમાં પાર્ટીનો વિસ્તાર કરવામાં લગાવ્યા, પરંતુ દુર્ભાગ્યથી અમને ખબર પડી કે જે પ્રકારનો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે તે અપમાનજનક છે. આ પત્ર પર કોંગ્રેસના જમ્મુ-કાશ્મીર એકમના ૬૪ નેતાઓ અને વરિષ્ઠ પદાધિકારીઓએ હસ્તાક્ષર કર્યા છે. પત્રમાં કહેવામાં આવ્યું છે, અમારા નેતા અને પથપ્રદર્શક ગુલામ નબી આઝાદે તમને (સોનિયા ગાંધીને) લખેલા પત્રમાં મુદ્દાને ગણઆવતા પાર્ટીમાંથી રાજીનામુ આપ્યું છે. અમારૂ માનવુ છે કે અમારે પણ કોંગ્રેસ છોડી દેવી જોઈએ જેથી એક સકારાત્મક રાજકીય સમાજ નિર્મિત કરવામાં કેટલુક ઉપયોગી યોગદાન આપી શકીએ, જ્યાં લોકોની વાત સાંભળવામાં આવે અને જવાબ પણ આપવામાં આવે. આઝાદે જાહેરાત કરી હતી કે તે જલદી જમ્મુ-કાશ્મીરમાં એક પાર્ટીની રચના કરશે, જે રાષ્ટ્રીય સ્તરની હશે. પાર્ટીના નેતાઓએ પોતાના પત્રમાં કહ્યું- અમે બધા ગુલામ નબી આઝાદનું સમર્થન કરીએ છીએ અને જમ્મુ-કાશ્મીરના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમની સાથે રહીશું. બલવાન સિંહે દાવો કર્યો કે એક ચૂંટાયેલી સરકારની ગેરહાજરીમાં જમ્મુ-કાશ્મીર અભૂતપૂર્વ સંકટનો સામનો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આઝાદની અહીંથી રાષ્ટ્રીય પાર્ટીની રચના કરવાના નિર્ણયથી તમામ વસ્તુને ઠીક કરવાની પ્રેરણા મળશે. તેમણે કહ્યું, અમને વિશ્વાસ છે કે જમ્મુ-કાશ્મીર એકવાર ફરી આઝાદના નેતૃત્વમાં પૂર્ણ રાજયનો દરજ્જો પ્રાપ્ત કરવામાં સફળ થશે.

## અમેરિકામાં એક ચકલીના કારણે આખા વિસ્તારમાં વિજળી ગુલ થઈ

કેલીફોનિયા, તમારા ઘરની નજીક ઈલેક્ટ્રીક થાંભલા લાગેલા હશે અને આ થાંભલામાંથી નીકળતા કેબલ પર દરરોજ અનેક પક્ષીઓ બેઠેલા જોવા પણ મળતા હશે. જોકે આ વાયરથી થતા પાવર સપ્લાયને કારણે તેમને કોઈ નુકસાન થાય નહીં, પરંતુ એક નાના પક્ષીને કારણે સર્જાયેલ ઘટનાની સમગ્ર વિશ્વમાં ચર્ચા થઈ રહી છે. આ એક ચકલીના કારણે ૧૪,૦૦૦થી વધુ લોકોને એક કલાક સુધી વીજળી વગર રહેવું પડ્યું હતુ. અમેરિકાના કેલિફોર્નિયાની છે. તાજેતરમાં સાન ડિએગો કાઉન્ટીમાં લાઇટ ગુમ થઈ ગઈ હતી. શરૂઆતમાં લોકોને લાગ્યું કે, રૂટીન લાઇટ કાપ હશે પરંતુ લાંબા સમય સુધી લાઇટ ન આવતાં બધાએ વીજ કંપનીને ફોન કરવાનું શરૂ કર્યું હતું. જેથી મામલાની ગંભીરતાને ધ્યાને લઈ વીજ કંપનીના કર્મચારીએ તાત્કાલિક તમામ ઉપકરણોની ચકાસણી શરૂ કરી હતી. વિજળી ગુલ થવાના કારણો શોધતા થોડા સમય પછી ભૂલ મળી આવી હતી. સાન ડિએગો ગેસ એન્ડ ઈલેક્ટ્રીક સર્વિસના રિપોર્ટમાં જણાવાયું છે કે, લા મેસા સબસ્ટેશન પર ઈલેક્ટ્રીકલ સાધનો વચ્ચે ચકલી ફસાઈ ગઈ હતી. આ ચકલીના કારણે આખા શહેરની લાઈટો ગુલ થઈ ગઈ હતી અને લગભગ ૧૪,૦૦૦ લોકો પરેશાન થઈ ગયા હતા. જોકે તે ઉપકરણને રીપેર કરીને તરત જ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે એક અધિકારીએ કહ્યું કે, તેમને પાવર આઉટેજનું ચોક્કસ કારણ ખબર નથી પરંતુ ઉપકરણની વચ્ચે ચકલી મળી આવી હતી. પ્રાથમિક ધોરણે માનવામાં આવી રહ્યું છે કે, ચકલીને કારણે કારણે આ બધું થયું. વીજ ગુલ થવાનું કારણ શોધવા અને તેનો ઉકેલ લાવવા ૯૦ મિનિટની મહેનત થઈ હતી, ત્યારબાદ બાદ ફરી પુરવઠો પૂર્વવત થયો હતો. ત્યારબાદ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પશુ પક્ષીના કારણે લાઈટ ગુલ થઈ હોય તેવો આ પહેલો કિસ્સો નથી. અગાઉ જૂન મહિનામાં પણ આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી, જ્યાં નોર્થ કેરોલિનામાં ખિસકોલીના કારણે પાવર આઉટેજ થયું હતુ. આ ઘટનામાં લગભગ ૩૦૦૦ ઘરો પ્રભાવિત થયા હતા.

## ગુરુગ્રામમાં સિક્યુરીટી ગાર્ડ સાથે મારપીટનો મામલો

નવીદિલ્હી, અગાઉ નોઈડાથી સિક્યોરિટી ગાર્ડને મારવાનો મામલો સામે આવ્યો હતો, હવે ગુરુગ્રામમાં સિક્યોરિટી ગાર્ડ સાથે મારપીટ કરવાનો મામલો સામે આવ્યો છે. શહેરની નિર્વાણા કંટ્રી સોસાયટીમાં લિફ્ટ અટકી જતા એક વ્યક્તિ થોડા સમય માટે લિફ્ટમાં ફસાઈ ગયો હતો. લિફ્ટ ફરી ચાલુ થતા તે વ્યક્તિ લિફ્ટમાંથી બહાર આવીને સિક્યોરિટી ગાર્ડને એક પછી એક થપ્પડ મારવા લાગ્યો હતો. આ વ્યક્તિનું નામ વરુણ નાથ છે. મારપીટની આ ઘટના ઝઝૂફમાં કેદ થઈ ગઈ છે. વરુણ નાથે સિક્યોરિટી ગાર્ડ પર આરોપ મુક્યો હતો કે, જ્યારે તે લિફ્ટમાં ફસાઈ ગયો ત્યારે સિક્યોરિટી ગાર્ડ મોડો આવ્યો હતો. વરુણ નાથ આ વાત પર ભડકી ગયો હતો અને સિક્યોરિટી ગાર્ડ અશોકની પિટાઈ કરી હતી. આ ઘટનાના વિરોધમાં સિક્યોરિટી ગાર્ડે પ્રદર્શન કર્યું હતું અને આરોપીની ધરપકડ કરવાની માંગ કરી છે. આ ઘટનાનો વિડીયો વાયરલ થયા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. અગાઉ નોઈડામાં પણ એક મહિલાએ સોસાયટીના ગાર્ડ સાથે અભદ્ર વર્તન કર્યું હતું અને સિક્યોરિટી ગાર્ડ સાથે મારપીટ કરી હતી. આ ઘટના રવિવારના રોજ બની છે. નિર્વાણા કંટ્રીના ધ ક્લાસ એનમાં રહેતો વરુણ લિફ્ટમાં નીચે આવી રહ્યો હતો. લિફ્ટમાં ટેકનિકલ ખામી હોવાને કારણે લિફ્ટનો દરવાજો ખુલતો નહોતો. લિફ્ટમાં ફસાયેલ વ્યક્તિએ સિક્યોરિટી ગાર્ડને કોલ કર્યો. સિક્યોરિટી ગાર્ડને લિફ્ટ પાસે પહોંચતા અને લિફ્ટનો દરવાજો ખોલતા વાર લાગી હતી. ત્યારબાદ તે વ્યક્તિ બહાર આવીને તરત જ અપશબ્દો બોલવા લાગ્યો હતો. તે વ્યક્તિએ સવાલ કર્યો કે, ડ્યુટી પર કોણ હતું અને ત્યારબાદ અશોક નામના સિક્યોરિટી ગાર્ડ સાથે અભદ્ર વર્તન કરવા લાગ્યો હતો અને તેની સાથે મારપીટ કરી હતી. અન્ય સિક્યોરિટી ગાર્ડ અશોક નામના સિક્યોરિટી ગાર્ડને બચાવવા આવ્યા હતા અને વરુણે તે અન્ય ગાર્ડ સાથે પણ મારપીટ કરી હતી. આ ઘટનાને લઈને સોસાયટીના તમામ સિક્યોરિટી ગાર્ડ એકજૂથ થઈ ગયા અને વરુણની વિરુદ્ધમાં નારા બોલાવવા લાગ્યા. આરોપી વરુણ સામે પોલીસ સ્ટેશનમાં ફૈંઈ દાખલ કરવામાં આવી. આરોપી વરુણ સામે ઈજા પહોંચાડવાના આરોપસર ધારા ૩૨૩ અને ધમકી આપવાના આરોપસર ધારા ૫૦૬ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. સિક્યોરિટી ગાર્ડ અશોક કુમાર જણાવે છે કે, મેં ૩-૪ મિનિટમાં તેમને લિફ્ટમાંથી બહાર આવવામાં મદદ કરી. તેમણે બહાર આવીને મારી સાથે મારપીટ કરી. મેં તેમને કહ્યું કે, ભૂલ તેમની છે મારી નથી, ત્યારબાદ તેમણે લિફ્ટ ઓપરેટરને પણ થપ્પડ માર્યા.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2 Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

# આજનું રાશિફળ

મેષ-તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

વૃષભ-વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે.

મિથુન-બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો.

કર્ક-તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધબકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે.

સિંહ-ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો કેમ કે તમને તમારા પરિવારના સભ્યો તથા મિત્રો તરફથી સહકાર મળશે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે.

કન્યા-શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. સાજા થવાનો એ સૌથી શ્રેષ્ઠ પ્રકાર છે. તેઓ અપાર ખુશીનું માધ્યમ છે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.

તુલા-તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજેટ વેરવિખેર થઈ જશે.

વૃશ્ચિક-ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. કેટલાક માટે નવો રૉમાન્સ ચોક્કસ જણાય છે-તમારો પ્રેમ તમારા જીવનને ખીલવશે.

ધન-ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

મકર-તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ.

કુંભ-લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે.

મીન-ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.


### મહેતા હાઉસિંગ ફાયનાન્સ લી.

સીન: L15100GJ1993PLC020699
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧એ રેવેન્યુ સર્વે નં. ૨૦૩, સાવરકુંડલા રોડ, તવેડા, મહુવા, ભાવનગર, ગુજરાત- ૩૬૪૨૯૦
વેબસાઈટ : www.mehtahousing.com, ઈમેલ:mehtahousingfinanceltd@gmail.com

**૨૮મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના, ઈ-વોટિંગની માહિતી અને બુક બંધ થવાની તારીખો**

૧. આથી અહી નોટીસ આપવામાં આવે છે સૂચના આથી આપવામાં આવે છે કેઃ કંપનીની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ બુધવાર, બપોરે ૧૨:૦૦ વાગ્યે પ્રથમ માળે, ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૪૩, સ્ટેશન રોડ મહુવા, ગુજરાત ૩૬૪૨૯૦, ૨૮મી એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ સામાન્ય અને વિશેષ વ્યવસાયોના વ્યવહાર માટે યોજાશે.
૨. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ ના અનુસંધાને તેના હેઠળ બનાવેલ નિયમ સાથે વાંચો અનેસેબીનું નિયમન ૪૨ (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫(લિસ્ટિંગ રેગ્યુલેશન્સ), સભ્યોનું રજિસ્ટર અને સભ્યોની શેર ટ્રાન્સફર બુક્સ **ગુરૂવાર, ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ થી બુધવાર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ (બન્ને દિવસો સહિત ) એજીએમ સારૂ બંધ રહેશે.**
૩. ૨૮મી એજીએમની સૂચના અને કંપનીના ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલો મોકલવામાં આવ્યા છે.૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા, જે સભ્યોના ઈમેલ એડ્રેસ છે તેમના ડિપોઝિટરી સહભાગીઓ સાથે અથવા કંપની અથવા રજિસ્ટ્રાર સાથે નોંધાયેલ છે અનેશેર ટ્રાન્સફર એજન્ટ (RTA). ૨૮મી એજીએમ સૂચના અને કંપનીનો વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨કંપનીની વેબસાઈટ www.mehtahousing.com, સ્ટોક એક્સચેન્જ એટલે કે, BSE limited www.bseindia.com પર અને નેશનલ સિક્યોરિટીઝની વેબસાઈટમાં પર પણ ઉપલબ્ધ છે.ડિપોઝિટરી લિમિટેડ (NSDL) કંપની ના સભ્યોના સંદર્ભ માટે https://www.evoting.nsdl.com પર મોકલાવી શકો છો.
૪. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈઓ અને નિયમ ૨૦ ના પાલનમાં કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ (કાયદેસર ફેરફારકર્તાઓ સહિત)અને/અથવા તેનો પુનઃ અધિનિયમ(ઓ) હાલમાં અમલમાં છે), સેબીનું નિયમન ૪૪ (સૂચિ જવાબદારીઓ અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમો, ૨૦૧૫ અને સચિવાલયના ધોરણો સામાન્ય સભાઓ (SS-2) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટર્લ્સ ઓફ ઈન્ડિયા, દ્વારા જારી તેના તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક દ્વારા તેમના મતના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડવા માટે ઉત્સુક છે. તમામ રિઝોલ્યુશન અને બિઝનેસ પરનો અર્થ રિમોટ ઈ વોટિંગ દ્વારા થઈ શકે છે NSDL દ્વારા પૂરી પાડવામાં આવેલ સેવા. કંપનીના સભ્યો, ભૌતિક સ્વરૂપમાં અથવા શેરો ધરાવે છે.ડિમેટરલાઈઝ્ડ ફોર્મ, કટ-ઓફ તારીખ પ્રમાણે, અન્ય જગ્યાએથી ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે છે. ૨૮મીની નોટિસમાં નિર્ધારિત વ્યવસાય પર 'એજીએમ (રિમોટ ઈ-વોટિંગ')ના સ્થળ કરતાં એજીએમ. બધા સભ્યો કૃપા કરીને નીચેની બાબતોની નોંધ લે.

| | |
|---|---|
| કટ ઓફ તારીખ | ૨૧, સપ્ટેમ્બર, ૨૦૨૨ ( બુધવાર) |
| રિમોટ ઈ- વોટીંગ શરૂ થશે | ૨૪, સપ્ટેમ્બર, ૨૦૨૨ સવારે ૦૯.૦૦ ક્લાકે (શનિવારે) |
| રિમોટ ઈ- વોટીંગ બંધ થશે | ૨૭ સપ્ટેમ્બર,૨૦૨૨ એ સાંજે ૦૫.૦૦ ક્લાકે ( મંગળવારે) |

ઈ-વોટિંગ મોડ્યુલ NSDL દ્વારા મતદાન માટે નિષ્ક્રિય કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈ રિમોટ ઈ- વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં
૫. બેલેટ/પોલીંગ પેપર દ્વારા મતદાન માટેની સુવિધા પણ સ્થળ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે ૨૮મી એજીએમ. સભામાં હાજર રહેલા સભ્યો, જેમણે રિમોટ દ્વારા પોતાનો મત આપ્યો નથી ઈ-વોટિંગ સભામાં તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરશે. સભ્યો પહેલાથી જ તેમના મતદાન કરી ચૂક્યા છેઅમે રિમોટ ઈ-વોટિંગ દ્વારા એજીએમમાં હાજરી આપી શકીએ છીએ અને તેમાં ભાગ લઈ શકીએ છીએ પરંતુ બેઠકેમાં મતદાન કરવા માટે હકદાર નથી
૬. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ કંપનીએ મેસર્સ પિંકી શેઠિયા એન્ડ એસોસિએટ, પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરી ની સ્કુરટનીનાઝર તરીકે ૨૮મી એજીએમમાં મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રીતે કરાવવા નિમણૂક કરી છે.
૭.. કોઈપણ વ્યક્તિ જે કટ-ઓફ તારીખ એટલે કે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ શેર ધરાવે છે અને કંપનીના શેર મેળવે છે અને તે પછી કંપનીના સભ્ય બને છે , તેમને evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને વપરાશકર્તા ID અને પાસવર્ડ મેળવી શકે છે.જો કે, જો કોઈ વ્યક્તિ પહેલાથી જ ઈ-વોટિંગ માટે એનએસડીએલમાં નોંધાયેલ હોય, તો વર્તમાન યુઝર આઈડી અને વોટ આપવા માટે પાસવર્ડનો ઉપયોગ કરી શકાય છે.
૮.'ગ્રીન ઈનિશિયેટિવ' સભ્યોને ટેકો આપવા માટે કે જેમણે તેમના ઈમેઈલ સરનામાંની નોંધણી કરાવી નથી કંપનીના RTA અથવા ભૌતિક જરૂરી દસ્તાવેજો/તેમના પર તેની નોંધણી કરાવવા વિનંતી કરી ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ, ફિઝિકલ ઈલેક્ટ્રોનિક મોડમાં રાખવામાં આવેલા શેરના સંદર્ભમાં, અનુક્રમે.RTA: M/s. પૂર્વા શેરરજીસ્ટ્રી (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ એડ્રેસ :૯ શિવ શક્તિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જે.બી. બોરીચા માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૧૧.સંપર્ક નં.: ૦૨૨૨૩૦૧ ૮૨૬૧ કરી શકે છે.
૯. . ઈ-વોટિંગને લગતી વિગતવાર સૂચનાઓ માટે, સભ્યો કૃપા કરીને ૨૮મી એજીએમ નોટિસનો સંદર્ભ વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ) અને ઈ- વોટીંગ ઉપયોગકર્તા મેન્યુઅલી માટે સભ્યો હેલ્પ સેક્શન ઓફ https://www.evoting.nsdl.com અથવા શ્રી સચિન કરેલીયા , આસિસ્ટન્ટ મેનેજર એનએસડીએલ એટ્ Sachink@nsdl.co.in અથવા evoting@nsdl.co.in va નો સંપક્ર કરી શકો છો.

બોર્ડના હુકમથી
મહેતા હાઉસીંગ ફાઈનાન્સ લીમીટેડ વતી
એસડી-
કિંજલ કોઠારી
કંપની સેક્રેટરી

તારીખઃ ૦૧.૦૯.૨૦૨૨
સ્થળ : મુંબઈ


# ધનિક વોરન બફેટ નાસ્તામાં પણ પૈસા બચાવે છે




વોશિંગ્ટન , ૧૦૦ અબજથી વધુની સંપત્તિ સાથે દુનિયાના સાતમા સૌથી ધનિક વ્યક્તિ વોરન બફેટ આજે પોતાનો ૯૩મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. ધનકુબેરની શ્રેણીમાં આવતા બફેટ આજે પણ એક સામાન્ય વ્યક્તિ જેવું જીવન જીવે છે. ખાવાની બાબતમાં તેમને બાળક બનવામાં પણ ખચકાટ નથી થતો. વ્યક્તિ જયારે ધનિક બને ત્યારે તેની રહેણીકરણી અને વ્યવહારમાં પરિવર્તન આવે છે. અબજોપતિ બને ત્યારે તેના પગ જમીન પર ભાગ્યે જ ટકે છે. પણ દુનિયાના ટોચના ધનિકોમાંથી એક એવા વોરન બફેટ માટે આ ઉક્તિ સાચી નથી ઠરતી. બફેટ અબજોપતિ હોવા છતા કોમનમેન છે. દિવસની કમાણી કરોડો ડોલરમાં હોવા છતા તે પોતાના માટે એક-એક ડોલરના ખર્ચનો હિસાબ રાખે છે. પોતાના માટે જયાં એક ડોલર બચતો હોય ત્યાં બચાવી લે છે, પણ અબજો રૂપિયાનું દાન કરવામાં પાછા નથી પડતા. અખૂટ સંપત્તિ વચ્ચે પણ બફેટ જળકમળવત્ રહી શકે છે. ઈનવેસ્ટમેન્ટ ફર્મ બર્કશાયર હેથવેના ચેરમેન બફેટના જીવનમાં શેરમાર્કેટ એટલી હદે વણાયેલું છે કે તેઓ સવારનો નાસ્તો માર્કેટની દિશા પ્રમાણે કરે છે. અહીં એ પણ જાણી લેવું જોઈએ કે બફેટનો નાસ્તો સામાન્ય નાગરિક જેવો જ હોય છે, નહીં કે અબજોપતિઓ જેવો મોંઘોદાટ અને વૈવિધ્યસભર. વાત હાસ્યાસ્પદ લાગશે પણ હકીકત એ છે કે બફેટ નાસ્તામાં પણ પૈસા બચાવે છે. તેઓ ઓફિસ જતાં રસ્તામાં પહેલા મેક ડોનલ્ડસની સેન્ડવિચ ખાય છે. જો બજાર સારૂં હોય તો તે દિવસે તેઓ ચાર ડોલરની સેન્ડવિચ ખરીદીને પોતાને રાજા સમજે છે. બજાર જો ઘટાડા તરફી હોય તો ત્રણ ડોલરની અને જો બજારે ધબળકો વાળ્યો હોય તો અઢી ડોલરની પેટીસ ખાઈને બફેટ પોતાની 'ગરીબી'નો પરચો આપે છે. બફેટ નાસ્તા કે ભોજનમાં કેલરીની ચિંતા ક્યારેય નથી કરતા. હેમ્બર્ગર, કોક અને આઈસ ક્રીમના શોખીન બફેટે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેઓ ૬ વર્ષના બાળકની જેમ ખાય છે. આ માટે તેમણે કારણ આપ્યું હતું કે સૌથી ઓછો મૃત્યુદર ૬ વર્ષના બાળકોમાં હોય છે,

એટલે તેમની ખાવાની આદત બાળકો જેવી છે. સામાન્ય રીતે ફોન અને કોમ્પ્યુટરથી દૂર રહેતા બફેટ દિવસનો ૮૦ ટકા સમય વાંચન પાછળ આપે છે. દરરોજ પુસ્તકના ૫૦૦ પાના વાંચવાનો આગ્રહ રાખતા બફેટ માને છે કે જ્ઞાનનો સંચય કરવામાં અને તેના ઉપયોગમાં વાંચન ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ કામ કરે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ૨૦૨૦ સુધી, જ્યારે સ્માર્ટફોન સામાન્ય વ્યક્તિના હાથમાં પણ આવી ચૂક્યો હતો, ત્યાં સુધી બફેટ નોકિયાનો ૨૦ વર્ષ જૂનો ફ્લિપ ફોન વાપરતા હતા. ૨૦૨૦થી તેમના હાથમાં એપલનો આઈફોન આવ્યો, અને આ આઈફોન તેમણે ખરીદ્યો નહતો, પણ એપલના સીઈઓ ટીમ કૂકે તેમને ભેટ આપ્યો હતો. કેમ કે બફેટ પાસે એપલના ૫ ટકાથી વધુ શેર છે. આઈફોનનો ઉપયોગ પણ તેઓ ફક્ત કોલિંગ માટે કરે છે. બફેટ બહુ બધા શેરમાં રોકાણ કરવામાં નથી માનતા. તેઓ કંપનીના ફન્ડામેન્ટલ જોઈને અમુક શેર પસંદ કરે છે અને તેમાં મોટા પાયા પર લાંબા ગાળાનું રોકાણ કરે છે. રોકાણ માટેની તેમની મૂળ વ્યુહરચના એવી રહી કે એવી કંપનીઓમાં રોકાણ કરો કે જેની પ્રોડક્ટ કે સેવા વિના લોકોને ચાલે એમ ન હોય. રોકાણને તેઓ લગ્ન સાથે પણ સરખાવે છે. કેમ કે આપણે લગ્ન પૂરતી વિચારણા વિના નથી કરતા. બફેટ થોડા સમય પહેલા સુધી ટેક્નોલોજી કંપનીઓના શેરથી દૂર રહેતા હતા. આ માટે તેમનું માનવું હતું કે જે કંપનીઓની વૃદ્ધિના ભાવિનો અંદાજ માંડી ન શકાય, તેમાં રોકાણ કરવાથી દૂર રહો. અંગત જીવનમાં પણ બફેટ ટેક્નોલોજીનો લઘુત્તમ ઉપયોગ કરે છે. તેમની ઓફિસમાં તેમના ડેસ્ક પર આજે પણ લેપટોપ કે પીસી જોવા નહીં મળે. તમને જાણીને નવાઈ લાગશે કે દુનિયાના ટોચના રોકાણકાર બફેટે અત્યાર સુધી માત્ર એક ઈમેલ પોતાની જાતે સેન્ડ કર્યો છે. ટ્વિટર પર તેમના ૧૭ લાખ ફોલોઅર્સ છે, પણ તે કોઈને ફોલો નથી કરતા.તેમના એકાઉન્ટ પરથી માત્ર ૭ ટ્વિટ થયેલા છે. એ પણ તેમણે પોતે નથી કર્યા...૧૫ વર્ષમાં ૩૫ અબજ ડોલરનું દાન કરનાર બફેટ એ લોકો માટે આદર્શ છે, જેઓ આવકથી વધુ ખર્ચ કરે છે અને પછી તેની કિંમત પણ ચૂકવે છે. ખાવાની બાબતમાં તેમને બાળક બનવામાં પણ ખચકાટ નથી થતો. વ્યક્તિ જયારે ધનિક બને ત્યારે તેની રહેણીકરણી અને વ્યવહારમાં પરિવર્તન આવે છે. અબજોપતિ બને ત્યારે તેના પગ જમીન પર ભાગ્યે જ ટકે છે. પણ દુનિયાના ટોચના ધનિકોમાંથી એક એવા વોરન બફેટ માટે આ ઉક્તિ સાચી નથી ઠરતી. બફેટ અબજોપતિ હોવા છતા કોમનમેન છે.


### SHRIRAM HOUSING FINANCE — DEMAND NOTICE
### શ્રીરામ હાઉસિંગ ફાયાનાન્સ લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પાનૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧
હેડ ઓફિસ : લેવલ૩, વૉકહાર્ટ ટાવર, ઈસ્ટ વિન્ગ સી-૨ બ્લોક, બાંદ્રા- કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૧ વેબસાઈટ :www.shriramhousing.in

**આથી**
નીચે જણાવેલ કરજદાર(રો)/સહકરજદારો/જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લીમીટેડ** માંથી તમે લોનની સગવડ લીધી હતી તેની મુળ રકમ અને તેનું વ્યાજ પરત કરવામાં તમે નિષ્ફળ ગયા છો તેથી તમારુ લોન ખાતુ રિઝર્વ બેંક ઓફ ઇંડિયા દ્વારા જારી માર્ગદર્શિકા/નિયમાનુસાર નોન પરફોર્મીંગ એસટ( એનપીએ) તરીકે ગણવામાં આવે છે. તેથી નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.તેમને સીકયુરાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફેસી એક્ટ)હેઠળ લેનદારો/જામીનદારો/માર્ટગેઝરોને આ નોટીસ માં દર્શાવેલ રકમ અને બાકી નિકળતી રકમ આકસ્મિક ખર્ચ,કોસ્ટ, ચાર્જિસ વગેરેની સાથે નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી.
આ જાહેર નોટિસ છેલ્લા જાણ મુજબના સરનામાં પર મોકલવામાં આવી હતી તે સ્વીકાર્યા વગરની પાછી ફરી છે તેથી આ નોટીસ મોકલાવવામાં આવી છે.
કરજદારો ધ્યાન આપો કે સેક્શન ૧૩ એક્ટના સબ -સેક્શન (૮)ની જોગવાઈ મુજબના સમયમાં આ આરક્ષિત મિલકત છોડાવી શકો છો.

| કરજદારો(રો)/ સહ- કરજદારો(રો)નું નામ | બાકી નિકળતી રકમ | લોન નં. અને લોનની રકમ | આરક્ષિત મિલકતનું સરનામું |
|---|---|---|---|
| ૧. રણજીતસિંહ જોરૂભા વાઘેલા<br>૨. જયોતિબા રણજીતસિંહ વાઘેલા<br>સરનામું :<br>પ્લોટ નં. ૧૩૪, કેવલમ રેસીડેન્શી, ગુંઝન વાટિકા રેસીડેન્શી પાસે, ઓફ. પુષ્કરધામ મેઈન રોડ, શિવમંદિર એરિયા : નાનામાવા,<br>સિટી : રાજકોટ- ૩૬૦૦૦૫<br>એનપીએ તારીખ : ૦૫.૦૮.૨૦૨૨<br>માંગણા નોટીસ તારીખ ૨૦.૦૮.૨૨ | રૂા. ૧૭,૭૦,૪૮૧/-<br>SBTHRAJK0000 385<br>અને<br>રૂા. ૩૬,૯૪,૫૦૬/-<br>SILHRAJK0000 386 અને<br>રૂા. ૮,૪૨,૫૧૦/-<br>STUHRAJK0000 599 | SBTHRAJK0000 385<br>અને<br>રૂા. ૧૬,૭૫,૦૬૭/-<br>SILHRAJK0000 386 અને<br>રૂા. ૩૫,૪૨૬૪૬/-<br>STUHRAJK0000 599<br>રૂા. ૭,૭૫,૬૧૧/- | તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર મિલકત લેન્ડ માં બનેલ હાઉસ નો માપ એરિયા ૭૮.૬૦ સ્કેવર મીટર્સ ઓફ પ્લોટ નં. ૧૩૪ ઓફ કેવલમ રેસીડેન્શી ઓફ એફપી નં. ૨૧૭, ટીપીએસ નં. ૫ ઓફ રેવેન્યુ સર્વે નં. ૯૨ પૈકી ઓફ નાનામાવા , જિલ્લો રાજકોટ<br>તેની ચારે બાજુ :<br>ઉત્તરે : એફપી નં. ૨૧૬ જોડાયેલ<br>દક્ષિણે : બ્લોક નં. ૧૩૩<br>પુર્વે : ૭.૫૦ મીટર રોડ<br>પશ્ચિમે : એફપી નં. ૨૧૯ જોડાયેલ છે. |
| ૧. ડોમાડિયા નિલેશભાઈ જયંતીભાઈ<br>૨. ડોમાડિયા મનિષાબેન નિલેશભાઈ,<br>૩. ડોમાડિયા બીપીનભાઈ જયંતીભાઈ,<br>૪. ડોમાડિયા જયંતીભાઈ ભીખાભાઈ.<br>સરનામું :- જય ખોડિયાર સાડી સેન્ટર, ગુંડાવાડી પોલિસ ચૌકી સામે, સોના સિંધ પાસે, કેનાલ રોડ, રાજકોટ- ૩૬૦૦૦૨.<br>અન્ય સરનામું : ગુંડાવાડી મેઈન રોડ, હેમકુંજ પાસે, પોલિસ ચૌકી, રાજકોટ- ૩૬૦૦૦૨.<br>અન્ય સરનામું : કેવડાવાડી ૩-૫-૧૪, ગુંડાવાડી સ્ટ્રીટ નં. ૨/૨૩, કેવડાવાડી મેઈન રોડ, રાજકોટ.<br>એનપીએ તારીખ : ૦૫.૦૮.૨૦૨૨<br>માંગણા નોટીસ તારીખ ૨૭.૦૮.૨૨ | રૂા. ૨૮,૬૭,૩૯૯/-<br>અને<br>SLPHRAJK0000 198 | SLPHRAJK0000 198<br>અને<br>રૂા. ૨૮,૪૩,૦૩૦. | સ્થાવર કોમર્શિયલ મિલકત ઓફ લેન્ડ માપ એરિયા ૮૨.૨૮ સ્કેવર મીટર્સ સાથે ત્યાં બનેલ બિલ્ડિંગ ઓફ સિટી સર્વે નં. ૧૧ પૈકી ઓફ સિટી સર્વે વાર્ડ નં. ૧૦/૧ ઓફ રાજકોટ.<br>મિલકતની ચારે બાજુ :<br>ઉત્તરે : રોડ<br>દક્ષિણે : સ્ટ્રીટ<br>પુર્વે : અન્ય મિલકત<br>પશ્ચિમે :- અન્ય મિલકત. |

ઉપરોકત કરજદારોને આથી નોટીસ આપવામાં આવે છે કે આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતી રકમ ચુકવી દેવી જો આ ૬૦ દિવસની મુદત પુરી થઇ જશે ત્યાં સુધીમાં રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો આગળની કાર્યવાહી ગીરો મુકેલ (એક કે ગમે તે સામે) તમારા ખર્ચ અને જોખમે કાર્યવાહી થશે જે સીકયુરાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના અનુચ્છેદ૧૩ (૪) ની આવેદકોના રૂલની જોગવાઇ મુજબ કાર્યવાહી થશે.
**કૃપયા ધ્યાન આપો કે કલમ ૧૩ (૧૩ )ની જોગવાઇ મુજબ આ નોટીસના અનુસંધાનમાં સિક્યોર્ડ ક્રેડિએટરની પુર્વ મંજુરી લીધા વિના ગીરો મિલકત કોઇપણ પ્રકારે લીઝ, વેચાણ મારફતે કોઇના નામે ટ્રાન્સફર કરી શકાશે નહી કોઇ ત્રાહીત વ્યકિતનો હક્ક પેદા થાય તે રીતે કાર્યવાહી થઇ શકશે નહી.**

સ્થળ : રાજકોટ
તારીખ : ૦૨/૦૯/૨૦૨૨.

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ



इसरो isro

ભારત સરકાર, અંતરીક્ષ વિભાગ, ,
અનુરક્ષણ અને નિર્માણ સમુહ (સીએમજી),
આંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર ( સૈક) , જોધપુર ટેકરા, આંબાવાડી વિસ્તાર, પો.ઓ.અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. (૦૭૯) ૨૬૯૧૪૯૫૩/ ૪૯૩૩/૪૯૦૧, ફેક્સ નં. (૦૭૯) ૨૬૯૧૫૮૫૩

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**સંક્ષિપ્ત ઈ- નિવિદા સુચના**
નિવિદા સુચના સં.: એસએસી/સીએમજી/સીપીએચડી/સી/ઈ/૪૩ થી ૪૭/૨૦૨૨- ૨૩ અને તારીખ ૩૧.૦૮.૨૦૨૨
ભારતના રાષ્ટ્રપતિ વતી નીચેના કામો માટે ઓનલાઈન આઈટમ દર નિવિદાઓ ઈ- નિવિદા મારફત મંગાવવામાં આવે છે.

| નિવિદા નં. | કાર્યનું શીર્ષક | ટેન્ડર માટે અનુમાનિત લાગત (રૂા.માં) | પૂર્ણ કરવાની સમયાવધિ | અર્નેસ્ટ મની ડિપોઝીટ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઇનલોડ કરવાની અવધિ | નિવિદા પ્રાપ્તિ માટે છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| સી-૪૩ | વિક્રમનગર, ડિઓએસ હાઉસિંગ કોલોની, અમદાવાદના વિવિધ બ્લોક્સમાં સામયિક બાહ્ય પેઈન્ટિંગ. | રૂા. ૨૩.૪૧ લાખ | ૦૮ મહિના | રૂા. ૪૬૮૨૦.૦૦ | ૦૨.૦૯.૨૦૨૨ ( સવારે ૧૧.૦૦ વાગ્યા) થી ૦૯.૦૯.૨૦૨૨ ( ૧૭.૦૦ વાગ્યા ) સુધી | ૧૪.૦૯.૨૦૨૨ (૧૭.૦૦ વાગ્યા) સુધી |
| સી-૪૪ | આંતરિક્ષનગર, ડિઓએસ હાઉસિંગ કોલોની, અમદાવાદના સિવિલ અને પીએચ સિસ્ટમ ના રખરખાવ અને સંચાલન માટે રેટ કોન્ટ્રેક્ટ. | રૂા. ૨૩.૩૨ લાખ | ૧૨ મહિના | રૂા. ૪૬૬૪૦.૦૦ | | |
| સી-૪૫ | આંતરિક્ષનગર, ડિઓએસ હાઉસિંગ કોલોની, અમદાવાદમાં બાહ્ય પ્લાસ્ટરિંગ અને માળખાકીય સસમારકામ. | રૂા. ૧૬.૭૨ લાખ | ૧૦ મહિના | રૂા. ૩૩૪૪૦.૦૦ | | |
| સી-૪૬ | સૈક કેમ્પસ, અમદાવાદમાં વર્ટિકલ બ્લાઈન્ડ્સ અને સન કંટ્રોલ ફિલ્મનું ફેરબદલ અને સમારકામ. | રૂા. ૯.૩૫ લાખ | ૦૯ મહિના | રૂા. ૧૮૭૧૦.૦૦ | | |
| સી-૪૭ | દિલ્હી અર્થ સ્ટેશન (ડિઈએસ), નવી દિલ્હી ના જેન્ટ્સ અને લેડીઝ ટૉયલેટ્સનું નવિનીકરણ . | રૂા. ૭.૯૫ લાખ | ૦૪ મહિના | રૂા. ૧૫૯૧૦.૦૦ | | |

નિવિદા દસ્તાવેજ વેબસાઈટ **www.tenderwizard.com/ISRO** થી નિવિદા વિજાર્ડ ની સાથે રજીસ્ટ્રેશન કરી અને ટેન્ડર પ્રોસેસીંગ ફી ની ચુકવણી કરી ડાઉનલોડ કરી શકાય છે. વિક્રેતા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ઉપરોક્ત વેબસાઈટ ઉપર છે. ટેન્ડર પ્રોસેસીંગ ફીની ચુકવણી ઈ-ગેઈટવે ધ્વારા મે. આઈટીઆઈ લી. ને કરવામાં આવે.
ઈચ્છુક નિવિદાકારો અન્ય માહિતી માટે કૃપા કરી વિસ્તૃત નિવિદા આમંત્રણ સૂચના (એનઆઈટી)નો સંદર્ભ ગ્રહણ કરે, આને વેબસાઈટ **www.isro.gov.in** અથવા **www.sac.gov.in**. અને **www.tenderwizard.com/ISRO** થી ડાઉનલોડ કરી શકાય છે. કોઈ પણ સમસ્યા નિવિદાકર્તા (મેસર્સ આઈટીઆઈ લી.) શ્રી સુનિલ પટેલ ના મો. નં. ૯૭૧૪૮૮૧૯૯૨ પર સંપર્ક કરવો.

સમૂહ પ્રધાન, સીએમજી